# 33

## આર્સેલર મિત્તલ સ્ટીલ ઈન્ડીયા દ્વારા સરકારી જમીન પર દબાણ

*** 15/8/399 શ્રી અમિત ચાવડા** (આંકલાવ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ)** જણાવવા કૃપા કરશે કે.-

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ હજીરા ખાતે આર્સેલર મિત્તલ સ્ટીલ ઈન્ડીયા દ્વારા ગેરકાયદેસર દબાણ-જમીન ઉપર કબજો કરેલ છે તે હકીકતથી સરકાર વાકેફ છે કે કેમ, | (૧) | હા |
| (૨) | જો હા, તો ઉક્ત સ્થિતિએ સરકારી જમીન ઉપર દબાણ અને ગેરકાયદેસર કબજા સંદર્ભે છેલ્લા બે વર્ષમાં શી કાર્યવાહી કરવામાં આવેલ છે, | (૨) | ૧. કુલ ક્ષેત્રફળ હે.૭૮-૦૪-૧૦ ચો.મી. સરકારી પડતર જમીન પૈકી હે.૬૨-૫૬-૮૧ ચો.મી. જમીન પર દબાણ જણાતા જમીન મહેસૂલ અધિનિયમ-૧૮૭૯ની કલમ-૬૧ હેઠળ કેસ ચલાવી રૂ.૧૦૬,૮૨,૬૧,૨૨૦/-નો દંડ વસુલ કરવા તા.૨૭/૦૧/૨૦૨૫ તથા તા.૧૧/૦૨/૨૦૨૫ના રોજ કુલ-૧૫ હુકમ કરવામાં આવેલ છે.<br>૨. મામલતદારશ્રી ચોર્યાસી દ્વારા તપાસણી દરમ્યાન સરકારી બિન નંબરી દરિયા કિનારા તથા સરકારી પડતર જમીન પરનું અંદાજિત ૧૭૩ હેકટર જમીનમાં દબાણ જણાતા આર્સેલર મિત્તલ સ્ટીલ ઈન્ડીયા કંપની સામે જમીન મહેસૂલ અધિનિયમ-૧૮૭૯ની કલમ-૬૧ હેઠળ કુલ-૯ કેસ કરવામાં આવેલ છે. જે કાર્યવાહી ચાલુ છે. |
| (૩) | ઉક્ત સ્થિતિએ કેટલી જમીન ખુલ્લી કરાવી કબજો પરત લેવામાં આવ્યો અને કેટલી રકમ દંડ પેટે વસુલવામાં આવી, અને | (૩) | કાર્યવાહી ચાલુમાં છે. |
| (૪) | ઉક્ત સ્થિતિએ સરકારી જમીન ઉપર કબજા સંદર્ભે લેન્ડ ગ્રેબિંગનો ગુનો નોંધી કોઇ કાર્યવાહી કરેલ છે કે કેમ? | (૪) | ના. સરકારી જમીન ઉપર કબજા-દબાણ સંદર્ભે જમીન મહેસૂલ અધિનિયમ-૧૮૭૯ની કલમ-૬૧ હેઠળ કાર્યવાહી કરવામાં આવેલ છે. |

-----------------